MSUની કોમર્સ ફેકલ્ટી દ્વારા વર્કશોપનું આયોજન

ડેટા એનાલિસીસ સાથે રિસર્ચ પેપર રાઈટિંગ અંગે માર્ગદર્શન અપાયું



। વડોદરા ।

એમ.એસ.યુનિ.ની કોમર્સ ફેકલ્ટીના બી.બી.એ. પ્રોગ્રામ દ્વારા આઈક્યૂએસીના આશ્રય હેઠળ ડેટા એનાલિસિસ અને રિસર્ચ પેપર રાઈ ટિંગ ઈન ધ એરા ઓફ એઆઈ વિષય પર દ્વિ-દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરાયું હતું. આ વર્કશોપ ખાસ કરીને તૃતીય અને ચતુર્થ વર્ષના બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે બી.બી.એ. ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. તા.૨૬ ઓક્ટોબરે યોજાયેલા આ સત્રમાં એકાઉન્ટિંગ એન્ડ ફાયનાન્સિયલ મેનેજમેન્ટ વિભાગના આસિ. પ્રોફેસર ડૉ. ભાવિન રાજપૂતે એક્સેલ દ્વારા રિસર્ચ ડેટા મેનેજમેન્ટ અને ડૉ. બક્સિસ પટેલે SPSSની શરૂઆત અંગે વિદ્યાર્થીઓને પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. તા.૨૭ ઓક્ટોબરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. ગૌરાંગ રામીએ સહસંબંધ અને નિયતસંબંધ વિશ્લેષણ તેમજ હાયપોથિસિસ ટેસ્ટિંગ - પેરામેટ્રિક અને નોન-પેરામેટ્રિક ટેસ્ટ અંગે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. આ સત્રમાં રિસર્ચ સ્કોલર્સ પણ જોડાયા હતા. તા.૩૦ ઓક્ટોબરે સરદાર પટેલ યુનિવર્સિટીના ડૉ. હિતેશ પરમારે ઉચ્ચ ગુણવત્તાવાળું રિસર્ચ પેપર કેવી રીતે લખવું અને પ્રકાશિત કરવું અને સંશોધનમાં AIના નૈતિક ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં આંકડાકીય સાધનોની સમજ કેળવવી, ગુણવત્તાસભર પેપર લખવાની કળા શીખવવી અને AIનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરતા શીખવવાનો હતો. વિદ્યાર્થીઓએ લેપટોપ સાથે પ્રેક્ટિકલ શીખવાનો અનુભવ પણ મેળવ્યો હતો.

AIનાં યુગમાં વિદ્યાર્થીઓને પ્રાયોગિક શિક્ષણની સમજ અપાઈ